**સ્પે.દિ.મુ.નં.૧૧/૧૫**

**<u>આંકઃ–પ અન્વયે હુકમ</u>**

**(૧)** વાદીએ હાલનો દાવો, હકક સ્થાપન માટે તથા કાયમી મનાઈ હુકમ મેળવવા દાખલ કરેલ છે અને દાવા સાથે હાલની આંકઃ–પ ની અરજી આપી દાવાવાળી વિજાપુર ની સીમમાં આવેલ સ.નં. ૩૦૦ની પૂર્વ બાજુ સ.નં. ૨૯૭/અના માલીક પ્રતિવાદી નં. ૩–૪ના એ સ.નં. ૩૦૦માં પૂર્વ બાજુ દબાણ કરી બાંધકામ કરતા હોઈ દાવો ચાલતા દરમ્યાન તેમાં કોઈ બાંધકામ કરે કરાવે નહી, તેવો કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલ છે.

**(૨)** પ્રતિવાદીઓને હાલની અરજી સબબ નોટીસ કાઢવાનો હુકમ થતા, પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને લેખીત જવાબ રજૂ કરેલ છે.

**(૩)** વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની સંક્ષિપ્ત હકીકતો ધ્યાને લતાં,દાવાવાળી સ.નં. ૩૦૦ વાળી મિલકતમાં વાદીઓનો વારસાઈ હકકે માલીકી–કબજો ભોગવટો ચાલે છે અને તેમની વારસાઈની નોંધ એન્ટ્રી નં. ૧૯૨૪૧ થી પડેલ છે.

સદરહું સ.નં. ૩૦૦ ની ઉત્તરે સ.નં. ૩૦૧ આવેલ જે સંપાદન કરી પ્રતિવાદી નં. ૨, માર્કેટયાર્ડના હેતુ સારૂ ફાળવી આપેલ છે. સ.નં. ૩૦૦ ની પૂર્વે પ્રતિવાદી નં. ૪ ની સ.નં. ૨૯૭/અ આવેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૩–૪ નાએ સામાજીક અને રાજકીય બળ અને લાગવગના જોરે – મેળાપીપણામાં વાદીની સ.નં. ૩૦૦ ની પૂર્વ દિશાએ દબાણ કરી, કબજો કરી લીધેલ છે અને ત્યાં હાલમાં

માર્કેટયાર્ડના ગાળા પાડી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી વેચાણ કરવાની પ્રવૃત્તિ કરે છે.

વાદીના સ.નં. ૩૦૦માં પ્રમોલગેશન કરેલ અને તેમાં ક્ષતિઓ થયેલ અને વાદીની જમીનની માપતાલની એન્ટ્રી ખોટી પાડેલ અને વાદીની જમીનનું ક્ષેત્રફળ ટૂંકાવી દીધેલ. જેથી વાદીઓએ હદખૂંટ નકકી કરી આપવા માપણી કરવા વિનંતી કરવા છતાં અને યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરી જરૂરી ફી ભરવા છતાં ખોટી રીતે, " જમીન કબજા ફેર થતી હોઈ માપણી થઈ શકે નહી" તેવુ મનસ્વી કારણ જણાવી વાદીને તે અંગે કોઈ ખુલાસો કર્યા વગર પ્રતિવાદીનં.૩–૪ના મેળાપીપણામાં ખોટો રીપોર્ટ કરેલ અને ખોટી કાર્યવાહી કરેલ હોઈ, પ્રતિવાદી નં. ૨ મારફતે માપણી કરાવવા તેમજ દબાણ દુર કરાવવા તેમજ તે લગત કાયમી મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો કરી, હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજી આપેલાનું જણાવેલછે.

**(૪)** પ્રતિવાદી નં. ૧ તથા ૨ તર્ફે આંકઃ– ૨૨ તથા આંકઃ–૨૯ થી લેખિત જવાબ આપી મુખ્યત્વે વાદીની દાવા અરજી તથા મનાઈઅરજીની હકીકતો નકારી પ્રતિવાદી નં. ૨ તર્ફે દાવાવાળી જમીન કબજા ફેર થતી હોઈ માપણી કરી ન શકેલ હોવાનું જણાવે છે. અને સ.નં. ૨૯૭/અ તેમજ સ.નં. ૩૦૦ વાળી જમીન સ્થળ ઉપર માપણી કર્યા સિવાય કયો સ.નં. શાંમા ભળી ગયેલ છે તે નકકી કરી શકાય તેમ ન હોઈ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૫)** પ્રતિવાદી નં. ૩ તર્ફે આંકઃ–૨૧ થી દાવા અરજી તથા મનાઈઅરજીનો લેખિત જવાબ રજુ કરી વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજીની

તમામ હકીકતો નકારી વાદીએ સ.નં. ૩૦૦ના કેવી રીતે માલીક બન્યા તેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ ન હોવાનું જણાવી તેમજ ગુજરનાર બડી બીબીના વાદીઓ કાયદેસરના વારસો છે તે હકીકત દર્શાવતો કોઈ પુરાવો કે પેઢીનામુ પણ રજુ કરેલ ન હોઈ વાદીને દાવો કરવાનો કોઈ હકક ન હોવાનું જણાવે છે.

વધુમાં, વાદીએ વિલંબથી દાવો કરેલ હોઈ અને દાવો કરવાનું કારણ ખોટી રીતે જણાવી ખોટો દાવો કરેલ હોઈ વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે અને સાચી હકીકતમાં જણાવેલ છે કે, સ.નં. ૨૯૭/અના કહેવાતા મૂળ માલીક શેખ મહંમદભાઈ કડવાભાઈના વારસોએ સદરહું સ.નં. તેમની માલીકી કબજાનો છે અને તેમાં પ્રતિવાદી બાંધકામ કરે કરાવે નહી તે માટે અત્રેની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૫૮/૧૫નો તા. ૨૯/૬/૧૫ના રોજ દાખલ કરેલ. અને તેમાં તે કામના વાદીઓને મનાઈહુકમ મળેલ ન હોઈ હાલના વાદીઓ સાથે મળી જઈ પ્રતિવાદીનું બાંધકામ અટકાવવા અને ગેરવાજબી દબાણ લાવવા ખોટી હકીકત જણાવી દાવો કરેલ છે. વધુમાં, વાદી તર્ફે રજુ થયેલ જીલ્લા ઈન્સપેકટર જમીન રેકર્ડ મહેસાણાના પત્ર તેમજ માપણી અધિકારીનો પત્ર ધ્યાને લેતા વાદી તે પત્રના આધારે તેમના જમીનનું દબાણ કરેલાનું જણાવે છે. પરંતુ તે અંગે તેઓને કોઈ જાત માહિતી નથી.અને અનુમાનના આધારે દબાણ કરેલાનું જણાવે છે. તેમજ જયાં સુધી સ.નં. ૩૦૦ ની જમીનની માપણી થાય અને સ.નં. ૨૯૭/અની જમીનમાં દબાણ કરેલ છે તે હકીકત કોઈ નકકર પુરાવા ધ્વારા જણાઈ ન આવે ત્યાં સુધી વાદી દાવો કરી શકે તેમ ન હોવા છતાં ખોટી રીતે પ્રતિવાદી વિરુઘ્ધ હાલનો દાવો કરી બાંધકામ અટકાવવા કામચલાઉ

મનાઈહુકમ માંગેલ હોઈ તે મળવાપાત્ર ન હોવાનું જણાવે છે. વધુમાં, વાદીએ તેમની કામચલાઉ મનાઈહુકમની અરજીમાં તાત્કાલીક ધોરણે સ.નં. ૩૦૦ની માપણી કરાવવા સંબંધિત કોઈ હુકમ માંગેલ નથી અને માત્ર શુધ્ધબુધ્ધિપૂર્વક ખરીદનાર પ્રતિવાદીનં. ૩ ને તેમની માલીકીની જગ્યામાં બાંધકામ કરતા અટકાવવા ખોટી રીત કામચલાઉ મનાઈ હુકમ માંગેલ હોઈ તેમજ પ્રતિવાદીએ તેમની જમીનમાં ગોડાઉન માટે ખુલ્લા પ્લોટો પાડી જુદા જુદા ઈસમોને વેચાણ આપી અને પ્ર.વાદી નં. ૩ એ પબ્લિક બોડી હોઈ તથા ખેડૂતો અને ખેતપેદાશના ધંધાના વિકાસ અર્થે કામકાજ કરતા હોઈ એકંદર હકીકતે વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૬)** પ્રતિવાદી નં. ૪ તર્ફે આંકઃ–૨૪ થી લેખિત જવાબ રજુ કરી વાદીની દાવા અરજી તથા મનાઈઅરજીની લેખિત હકીકતો નકારી સ.નં. ૨૯૭/અ પૈકી વાળી જમીનમાં થયેલ માલીકી ફેરફારની વિગતે હકીકતો જણાવી તેઓએ સ્વતંત્ર માલીકી હકકે સદરહું જમીનનો કબજો ભોગવટો ધરાવતા હોઈ અને તેઓએ વાણિજય હેતુ સારુ એન.એ. કરાવેલ હોઈ સદરહું જમીન તેઓએ પ્ર તિવાદી નં. ૩ ને રજી.વેચાણ દસ્તાવેજથી તા. ૧૫/૧૨/૧૪ના રોજ વેચાણ આપી તેનો કબજો ભોગવટો પ્ર.વાદી.નં. ૩નાને સોંપેલાનું જણાવી વાદીએ જણાવેલ હકીકતો તેમના ખોટા દાવાના સમર્થનમાં ખોટી રીતે ઉપજાવી કાઢી ખોટો દાવો તથા મનાઈઅરજી કરેલ હોઈ વાદીનો દાવો તથા મનાઈઅરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૭)** વાદી તર્ફે દાવા અરજી તથા મનાઈઅરજીના સમર્થનમાં આંકઃ–૩

તથા આંકઃ–૩૧, ૩૪ તથા આંકઃ–૩૫ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી નં. ૩  તર્ફે આંકઃ–૨૮ની પરવાનગી અરજીથી ૧૩ દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ છે.

**(૮)** પક્ષકારો તર્ફે રજુ થયેલ પક્ષ નિવેદન તથા દ.પુ અને દલીલો ધ્યાને લેતા તેમજ રજુ થયેલ નામ. સર્વોચ્ચ તથા ઉચ્ચ અદલાતના ચુકાદાઓ માનસહ ધ્યાને લેતા હાલની અરજીનો ન્યાયિક નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દાઃ–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, સગવડ–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, કામચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર ન થવાથી વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની સંભાવના છે ?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**(૯)** દલીલોના તબકકે વાદી તર્ફે તેમના વિ.વશ્રીએ વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજીની હકીકતો જણાવી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા રીફર કરી લંબાણપૂર્વક દલીલ કરેલ છે. વધુમાં, જમની મહેસુલ એકટની જુદી જુદી જોગવાઈઓનો ઉલ્લેખ કરી જમીન, સ.નં., હદનિશાન , કબજેદાર, રેકર્ડ વિગેરેની વ્યાખ્યાનો ઉલ્લેખ કરી જે–તે અધિકારીની ફરજો અને જવાબદારી સંદર્ભે દલીલો કરી સદરુહં કાયદાની કલમ – ૮ અન્વયે કલેકટરશ્રીની જે ફરજો અને અધિકાર છે તે ધ્યાને લેતાં વાદીના કેસ મુજબ વાદીની જમીનમાં જે કોઈ દબાણ થયેલ છે તે દુર કરવાની જવાબદારી અને ફરજ સદરહું અધિકારીની હોવા છતા અને તેમ કરવા તેઓ કાયદાથી બંધાયેલ હોવા છતા તેમજ વાદીએ તે માટે જરૂરી કાર્યવાહી કરી જરૂરી ફી પણ ભરેલ હોવા છતાં એકબીજાના મેળાપીપણામાં ખોટી રીતે વાદીની જમીનમાં કરેલ દબાણ અંગે માપણી કરતા ન હોઈ તેમજ વાદીની જમીનમાં બાંધકામ કરતા હોઈ હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે. વધુમાં, વાદીએ હાલના કામે તેઓ દાવાવાળી મીલકતના કેવી રીતે માલીક થયેલ છે તે સબબ જરૂરી હકીકતો જણાવી સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોવા છતાં પ્રતિવાદીઓ ખોટી રીતે વાદીનો હકક ડુબાવવા અને વાદીની જમીનનું દબાણ ખુલ્લુ કરવુ ન પડે તે માટે ખોટી હકીકતો જણાવી ખોટી રીતે હાલની અરજીનો વિરોધ કરતા હોઈ હાલની અરજી મંજુર કરી માંગ્યા

મુજબની દાદ વાદીની તરફેણમાં મંજુર કરવા અરજ કરેલ છે.

**(૧૦)** વાદી તર્ફે વધુમાં, પ્રસ્થપિત સિધ્ધાંતો મુજબ વાદીએ પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરેલ હોઈ અને સગવડ–અગવડતાનું પલ્લુ પણ વાદીની તરફેણમાં હોઈ તેમજ મનાઈહુકમ મંજુર ન થવાથી વાદીને નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની સંભાવના હોઈ એકંદર હકીકતે વાદીની અરજી મંજુર કરવા અરજ કરેલ છે અને નીચે મુજબના નામ.સર્વોચ્ચ અદાલત તથા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

**(૧) એ.આઈ.આર (પટના) ૧૯૫૦–૦–૨૨૨, સુબોધ ગોપાલ વિ. રાજય.**

**(૨) એ.આઈ.આર (પટના) ૧૯૫૦–૦–૩૬૬, રાજય વિ. કમક્ષ્યા.**

**(૩) એ.આઈ.આર (પટના) ૧૯૫૦–૦–૫૨૭, બાબુ રામેશ્વર વિ.મો.અય્યુબ.**

**(૪) લો.(એમ.પી ) ૧૯૭૩– ૯–૧૧, સુરેન્દ્રસિંઘ વિ. લાલ.**

**(૫) લો.(રાજ.)૧૯૮૨–૫–૬,ક્રિશ્ના દેવી વિ.વિષ્ણુ.**

**(૬) લો.(એમ.પી )૧૯૮૧–૪–૧૬, હરીશંકર વિ. કૈલાસ.**

**(૭) લો.(બોમ્બે ) ૧૯૭૪–૪–૧૨, નારાયણરાવ વિ. વામન.**

**(૮) લો. (સુ.કોર્ટ )૧૯૭૬–૧૧–૪૬, મ્યુ.કોર્પો. વિ. સુરેશ.**

**(૯) જી.એલ.આર ૨૦૦૦(૩) ૨૭૫૯, અદાણી એક્ષપોર્ટ વિ. હિન્દુસ્તાન ઓર્ગેનીક.**

(૧૧) પ્રતિવાદી તર્ફે મુખ્યત્વે તેઓના લેખિત જવાબમાં જણાવેલ હકીકતો મુજબ મૌખિક દલીલો કરી આ કામના વાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદી નં. ૩નાએ દબાણ કરેલાનું જણાવેલ છે. પરંતુ, તે માટેનો કોઈ આધારભૂત પુરાવો રજુ કરેલ નથી અને માત્ર પ્રતિવાદી નં. ૨ના નિશાની – ૪ /૧૪ વાળા પત્ર ઉપર આધાર રાખી દબાણ કરેલાનું જણાવેલ છે. પરંતુ, તેના અનુસંધાને વાદીએ રજુ કરેલ નિ.૪/૯ તથા ૪/૧૧ના દસ્તાવેજ ધ્યાને લેતા તેમાં દબાણનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં વાદીની દાવા અરજી ધ્યાને લેતાં વાદીને પ્રતિવાદી નં. ૩–૪ વિરુધ્ધ દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોવા છતાં ખોટી હકીકતો જણાવી ખોટી રીતે મનાઈહુકમ માંગેલ હોઈ અને વાદી સ.નં. ૩૦૦ કયાં છે ? તે પ્રથમ દર્શનીય રીતે દર્શાવી શકેલ ન હોઈ તેમજ વાદી જણાવે છે તે રીતે પ્ર તિવાદીએ કઈ દિશામાં કેટલુ દબાણ કરેલ છે તે પણ સ્પષ્ટપણે દર્શાવી શકેલ ન હોઈ તેઓને માંગ્યા મુજબ મનાઈ હુકમ મળવાપાત્ર ન હોઈ હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે. વધુમાં, પ્રતિવાદી નં. ૩ નાએ શુધ્ધબુધ્ધિપૂર્વક જમીન ખરીદેલ હોઈ અને જાહેર હિતાર્થે કામગીરી કરતા હોઈ તેમજ વાદી તરફથી જે મુખ્ય તકરાર છે તે તકરાર મુજબ માપણી માટે તાત્કાલીક કોઈ દાદ પણ માંગેલ ન હોઈ એકંદર હકીકતે વાદીને માંગ્યા મુજબ પ્રતિવાદીની માલીકી કબજાભોગવટાની જમીનમાં વાદીના જણાવ્યા મુજબ કેટલુ દબાણ છે તે પણ પ્રથમ દર્શનીય રીતે દર્શાવી શકેલ ન હોઈ વાદીની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૧૨) પક્ષકારો તરફેની દલીલો તથા રેકર્ડ ધ્યાને લેતાં, ઉપરોકત

મુદ્દાના નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે.

## <u>-: કારણો :-</u>

**(૧૩)** સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લીધું. રજૂ થયેલ ચુકાદા માનસહ વંચાણે લીધા. હાલની અરજીનો ન્યાયીક નિર્ણય કરવા માટે જરૂરી તકરારી મુદ્દા,દલીલો તથા દસ્તાવેજો ધ્યાને લીધા. તમામ હકીકતો ધ્યાને લેતાં હાલની અરજીનો મુદ્દાના નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે.

**(૧૪) મુદ્દા નં.૧ :-**

વાદીની હાલની અરજી તથા મનાઈ અરજીની હકીકત ધ્યાને લેતાં, વાદીએ મુખ્યત્વે તેમની માલકીની સ.નં.૩૦૦ માં વાદીની જમીનની પૂર્વે આવેલ પ્રતિવાદી નં. ૩ની સ.નં. ૨૯૭/અ માં વાદીની જમીનનું દબાણ કરી બાંધકામ કરતા હોવાનું જણાવેલ છે અને તે માટે પ્રતિવાદી નં. ૨ માપણી કરી, હદખૂંટ કરી આપી દબાણ નકકી કરી આપે તેમજ પ્રતિવાદી નં. ૩ ના <u>તેવા</u> દબાણવાળી જમીનમાં બાંધકામ કરે-કરાવે નહી અને કરાવેલ બાંધકામ દૂર કરે અને દબાણ કરે -કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે.અને દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદી નં.૩નાએ સ.નં. ૨૯૭/અ માં વાદીની સ.નં. ૩૦૦ નું દબાણ કરેલ હોઈ,તેમાં બાંધકામ કરે-કરાવે નહી તેઓ કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે.

સદરહુ હકીકતના આધારે રજુ થયેલ પક્ષ નિવેદનો ધ્યાને લેતાં

મુખ્યત્વે જમીનની સ્થળ ઉપરની ઓળખ અને માપ અંગે મુખ્ય તકરાર હોવાનું જણાઈ આવે છે અને સ્વીકૃત હકીકત મુજબ જેતે જમીનના હદ –નીશાન નકકી કરવાની તથા તે અંગેના રેકર્ડની જાળવણી કરવાની જવાબદારી પ્રતિવાદી નં. ૧,૨ની છે.જેથી હાલના તબકકે માત્ર કામચલાઉ મનાઈ હુકમની અરજીનો ન્યાયીક નિર્ણય કરવાનો હોઈ,વાદી તરફે રજુ થયેલ પક્ષ નિવેદન તથા દસ્તાવેજો અને દલીલોના સંદર્ભે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં નિ.૪/૧૪ થી રજૂ થયેલ પત્રનો ઉલ્લેખ કરી તેના આધારે દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલાનું જણાવેલ છે જે પત્ર પ્રતિવાદી નં.૨નાએ મોકલાવેલ છે અને તે ધ્યાને લેતાં, તેમાં મુખ્યત્વે કબજો કયા સર્વેનંબરમાં છે તે સંદર્ભે ઉલ્લેખ કરીને માપણી કરવાનું નકારેલ છે જેથી સદરહુ પત્રના આધારે પ્રથમદર્શનીય રીતે કોઈપણ સરવેનંબરમાં અન્ય કોઈ સરવે નંબરનુ દબાણ હોવાનો ઉલ્લેખ થયેલાનું જણાઈ આવતું નથી પરંતુ સર્વેનંબર ની ઓળખ થતા કબજા અંગે ઉલ્લેખ થયેલાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે અને વાદીના કેસ મુજબ તેમનો સ.નં. ૩૦૦ છે. જેથી સદરહુ પત્રના અનુસંધાને " કબજા ફેર" અંગેની હકીકત અત્યાર સુધી રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

વધુમાં નિ.૪/૧૫થી રજૂ થયેલ વાદીએ લખેલ પત્ર ધ્યાને લેતાં તેમાં પણ સર્વેનંબર ૩૦૦ વાળી જમીનને સ.નં. ૨૯૭ વાળી જમીન દર્શાવતા હોવાનો ઉલ્લેખ કરેલ છે પંરતુ દબાણ અંગે કોઈજ ઉલ્લેખ થયેલ નથી અને વાદીની દાવા અરજી ધ્યાને લેતાં વાદીના જણાવ્યા મુજબ સ.નં.૩૦૦ ની પૂર્વે સ.નં. ૨૯૭/અ આવેલ છે અને તે રીતે સ.નં. ૩૦૦ તથા તેની પૂર્વે સ.નં. ૨૯૭/અ આવેલાનું

જણાવેલ છે પરંતુ ઉપરોકત જણાવેલ બંને પત્રોમાં સદરહુ બંને સર્વેનંબરોની સ્થળ–સ્થિતી –ઓળખ પ્રથમદર્શનીય રીતે સ્પષ્ટ થતી હોવાનું જણાઈ આવતું નથી.

વધુમાં વાદીના કેસ મુજબ પ્રતિવાદી નં.૩નાએ વાદીની સ.નં. ૩૦૦ વાળી જમીનની પૂર્વે દબાણ કરેલાનું જણાવેલ છે અને તેમાં બાંધકામ અટકાવવવા દાદ માંગેલ છે પરંતુ હાલના તબકકે તેવું કોઈ દબાણ હોવાનું માપ સહીત વાદી પ્રથમદર્શનીય રીતે દર્શાવી શકેલ નથી અને તેવા કોઈ ચોકકસ હદ–માપ–નિશાન સીવાય અને તેવા કોઈ દબાણની પ્રથમદર્શનીય રીતે સ્પષ્ટતા થઈ શકે તેવું કોઈ માપ–નકશો પણ આ તબકકે રજૂ થઈ શકેલ ન હોઈ અને તેવું દબાણ નકકી કરવા વાદી મૂળ દાવામાં દાદ માંગેલ હોઈ હાલના તબકકે રજૂ થયેલ દસ્તાવેજોથી દબાણ પ્રથમદર્શનીય રીતે સ્પષ્ટ થઈ શકે તેમ ન હોવાનું હું માનું છું અને તેવા સંજોગોમાં જો દબાણની હદ–માપની સ્પષ્ટતા કરવી સંભવીત ન હોય અને તે સબબ મનાઈ હુકમ મેળવવા માટે વાદીએ હાલની અરજી આપેલ હોય, પ્રથમદર્શનીય કેસ દર્શાવવાની જવાબદારી વાદીની હોઈ અને કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી નં. ૩ વિરૂઘ્ઘ માંગેલ હોય,અન્ય કોઈ પ્રતિવાદી કે જે સરકારી અધિકારી છે,તેઓએ કોઈ ફરજ–જવાબદારી નિભાવેલ નથી તેવી રજુઆતો અને દલીલોને આધારે તેમજ તેઓ પ્રતિવાદી નં. ૩ સાથે મળી ગયેલ છે તેવા આક્ષેપના આધારે તેમજ તેના સમર્થનકારી પ્રથમદર્શનીય દસ્તાવેજોના અભાવે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું માની શકાય નહી તેમ માનું છું.

આ તબકકે વાદી તરફે રજૂ થયેલ તમામ ચૂકાદા માનસહ વંચાણે લેતાં તેમાં મુખ્યત્વે કામચલાઉ મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરવાના

તબકકે ધ્યાને  રાખવાપાત્ર સિઘ્ધાંતો  દર્શાવેલ છે અનેવાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી સગવડ અગવડતાનુ પલ્લુ વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ મંજુર ન કરવાથી નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની  સંભાવના  હોવાનું દર્શાવવું પડે તેમ ઠરાવેલ છે અને તેવો નિર્ણય કરતા સમય કોર્ટે વાદીની દાવામાં સંપૂણપણે સફળ થવાની શકયતા ચકાસવાને બદલે  વાદીનો ન્યાયીક નીર્ણય કરવાપાત્ર કેસ હોવાનું ચકાસવાનું રહે છે તેમ ઠરાવેલ છે અને તે તમામ સિઘ્ધાંતો ધ્યાને લેતાં  વાદીએ આ કામે ઉપર જણાવ્યા મુજબ આ કામના પ્રતિવાદી નં.૩ તે વાદીની જમીનમાં દબાણ કરીને બાંધકામ  કરતા હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે તે માટે કોઈ દસ્તાવેજી પુરાવા આધાર રજૂ કરી શકેલ નથી અને માત્ર દબાણના અનુમાન આક્ષેપ ના આધારે  જે તે આક્ષેપ યુકત દબાણ નિશ્ચિત  કરી શકાય તેવા કોઈ પુરાવા આધાર  વગર અને તેવા દબાણને નિશ્ચિત કરવા સબબ આ તબકકે કોઈ દાદ માગેલ ન હોઈ પ્રથમદર્શનીય રીતે નિશ્ચિત ન કરી શકાય તેવા આક્ષેપ યુકત દબાણ સબબ મનાઈ હુકમ આપી શકાય તેમ ન હોવાનું માનું છું જેથી મુદ્દા નં. ૧ નકારમાં ઠરાવું છું.

**(૧૫) મુદ્દા નં. ૨ અને ૩ :–**

સદરહુ બંને મુદ્દાના નિર્ણય માટે ના કારણો એકબીજા સાથે સુસંગત હોઈ પુનરાવર્તન ટાળવા બંને મુદ્દાની ચર્ચા એકસાથે કરેલ છે.

ઉપરોકત મુદ્દાનં. ૧ ના નિર્ણયની ચર્ચા ધ્યાને લેતાં વાદી આ તબકકે પ્રતિવાદી નં. ૩ના એ દબાણ કરેલ છે કે કેમ ? અને કરેલ છે તે તો કેટલું ?

અને કયા ? તે પ્રથમદર્શનીય રીતે દર્શાવી શકેલ ન હોઈ આ તબકકે વાદીને માગ્યા મુજબ મનાઈ હુકમ આપવાથી વાદી કરતાં પ્રતિવાદીને ઘણી અગવડતા પડે અને બાંધકામ અટકાવવામાં આવે તો નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની સંભાવના હોવાનું જણાઈ આવે છે જયારે મનાઈ હુકમ મંજુર ન થવાથી વાદીને કોઈ રીતે અગવડતા પડે તેમ હોવાનું કે નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની સંભાવના હોવાનું જણાઈ આવતું નથી. જેથી એકંદર હકીકતે મુદ્દા નં. ૨ અને ૩ નકારમાં ઠરાવું છું. અને મુદ્દાનં.૪ અન્વયે આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

::– <u>હુ ક મ</u> –::

- વાદીની આંક –પની કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી રદ કરવામાં આવે છે.
- ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૧૯મી માહે ડિસેમ્બર સને ૨૦૧૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ–વિજાપુર.

તા.૧૯ /૧૨/૨૦૧૫.

**(મોબીન અબ્દુલરસીદ ટેલર)**
**પ્રિન્સીપાલ સિનિયર સિવલ જજ,**
**વિજાપુર**
**કોડ નં. જીજે ૦૦૬૪૫**